## પેન્શનરો માટે ઉપયોગી માહિતી

### (૧) પેન્શનરે રાખવાની ફાઈલ :-

(૧) પેન્શનર નિવૃત્તિનો આદેશ, (૨) પી.પી.ઓ. બુક (લાલ ચોપડી), (૩) કુટુંબ પેન્શનરના જોઈન્ટ ફોટો ઓળખપત્ર સાથે, (૪) નોમીનેશન કરેલ ફોર્મ, (૫) બેન્કની પાસ બુક, (૬) કુટુંબ પેનશનની ઉંમરના આધાર પુરાવા

### (૨) પેન્શન ડયારી રાખવા બાબત :-

રાજ્ય મંડળો પાસેથી મળતી પેન્શન ડાયરીમાં પૂરેપૂરી વિગતો ભરી સાચવી રાખવી તે ઘણી ઉપયોગી થશે.

### (૩) જોઈન્ટ ખાતું ખોલવા બાબત :-

પેનશન માટે પતિ - પત્નીનું જોઈન્ટ ખાતું ખોલાવી લેવું ખાતું ખોલાવવા રજૂ કરવાની માહિતી (૧) પાસપોર્ટ ફોટા નંગ ૨ (૨) રેશનકાર્ડની નકલ (૩) ચૂંટણી ઓળખપત્રની નકલ.

**(૪) ૮૦ વર્ષની ઉંમર :-**

(૧) ૮૦ વર્ષ પૂરાં થતાં ૨૦ ટકા, (૨) ૮૫ વર્ષ પૂરાં થતાં ૩૦ ટકા, (૩) ૯૦ વર્ષ પૂરાં થતાં ૪૦ ટકા, (૪) ૯૫ વર્ષ પૂરાં થતાં ૫૦ ટકા, (૫) ૧૦૦ વર્ષ પૂરાં થતાં ૧૦૦ ટકા જન્મના આધાર પુરાવા જરૂરી છે નાણાં ખાતાના ઠરાવ નં. પી.જી.આર. ૧૦૦૯/૪/પે સેલ તારીખ : ૧૩-૪-૨૦૦૯ આધારે છઠ્ઠા પગાર પંચે લાભ કરી આપેલ છે પેન્શનર / કુટુંબ પેન્શનર બંને લાભ મળશે.

**(૫) કુટુંબ પેન્શનરની ઉંમર માટે સ્વીકારવા પાત્ર દસ્તાવેજ :-**

(૧) સક્ષમ અધિકારીનો જન્મનો દાખલો, (૨) ડ્રાઈવિંગ લાયસન્સ, (૩) એલ.સી.ની નકલ, (૪) પાનકાર્ડ, (૫) ચૂંટણી કાર્ડ, (૬) કેન્દ્ર અથવા રાજ્ય સરકારે આપેલ ઓળખપત્ર, (૭) ઉંમર સાથેનો પાસપોર્ટ ફોટો, (૮) સિવિલ સર્જનનું પ્રમાણપત્ર નાણાં વિભાગનો ઠરાવ તા. ૨૭-૯-૨૦૦૯ આધારે.

**(૬) મેડીકલ ભથ્થાનો વિકલ્પ આપવા બાબત :-**

પેન્શનરે મેડીકલ વિકલ્પ આપવાનો હોય તો ફેબ્રુઆરી માસમાં બદલી શકાય છે. તા. ૧૦મી માર્ચ સુધી નિયત નમૂનાનું ફોર્મ ભરીને રજૂ કરવું.

**(૭) પેન્શનરે બેન્કની પાસબુક ભરવા બાબત :-**

પેન્શનરે બેન્કની પાસબુક નિયમિત બેન્કમાં ભરાવી લેવી મહિલા અને અભણ પેન્શનરે એ.ટી.એમ.નો મોહ રાખવો નહિ.

**(૮) હયાતિની ખરાઈ કરવા બાબત :-**

પેન્શનર - કુટુંબ પેન્શનરે હયાતિની ખરાઈ મે - જૂન માસમાં કરવાની હોય છે હયાતિ માટે અધિકૃત અધિકારીશ્રી : (૧) તિજોરી અધિકારી, (૨) કલેકટર, (૩) નાયબ કલેકટર, (૪) મામલતદાર, (૫) તાલુકા વિકાસ અધિકારી, (૬) સંસદ સભ્ય, (૭) ધારાસભ્ય, (૮) જિલ્લા વિકાસ અધિકારી, (૯) બેન્કના મેનેજર વગેરેનું પ્રમાણપત્ર માનયછે.

**(૯) પુનઃ લગ્નનો દાખલો આપવામાં મુક્તિ બાબત :-**

મહિલા પેન્શનરની ઉંમર ૫૦ વર્ષની પુરૂષ માટે ૭૦ વર્ષ પુરા થાય તો પુનઃ લગ્નનો દાખલો આપવામાં આપેલ છે. નાણાં વિભાગના ઠરાવ ૨-૯-૨૦૦૯ થી.

**(૧૦) વિધવા પેનશનરે પુનઃ લગ્ન કરવા બાબત :-**

સતાન વગરની મહિલા પેનશનર પુનઃલગ્ન કરી શકે છે લગ્ન કરનાર પુરૂષની આવક રૂપીયા ૩૫૦૦ થી વધવી જોઈએ નહીં નાણાં વિભાગનો ઠરાવ તા.૧૩-૪-૨૦૦૦ પેરા ૬(૫) મુજબ.

**(૧૧) ચાલુ નોકરીએ મરણ થાય તો કુટુંબ પેન્શન મળવા બાબત :-**

ચાલુ નોકરીએ મૃત્યુ થાય તો કુટુંબ પેન્શન ૧૦ વર્ષ સુધી પુરું પેનશન મળે છે.

**(૧૨) રહેમરાહે નોકરીના બદલે ઉચ્ચક રકમ મળવા બાબત :-**

ચાલુ નોકરીએ કર્મચારીનું મૃત્યુ થાય તો રહેમરાહે નોકરી આપવાનું સરકારે બંધ કરેલ છે. ચાલુ રાખવા ગુજરાત હાઈકોર્ટમાં અપિલ દાખલ કરેલ છે. નોકરીના સમય ધ્યાનમાં રાખી ઉચ્ચક રકમ ચુકવાય છે. જે મેળવી લેવી.

**(૧૩) સિનિયર સિટીજનન દાખલા બાબત :-**

સિનિયર સિટીજનનો દાખલો રૂપિયા ૨૦ ભરી માલમતદાર કચેરીએથી ફોટા સાથે મેળવી લેવો ઉંમરનો દાખલો સાથે આવી જાય છે.

(૧) ઈન્કમટેક્ષમાં રાહત મળે છે, (૨) રેલ્વે અને વિમાનની મુસાફરીમાં કન્સેશન મળે છે, (૩) બેન્ક અને એન.એસ.એસી. રોકાણ ૧ ટકા વ્યાજ મળે છે, (૪) મુસાફરીમાં ઉપયોગી થાય છે.

**(૧૪) સરકારી ગેસ્ટ હાઉસમાં લાભ મળવા બાબત :-**

નિવૃત્તિ કર્મચારી / અધિકારીને તેના કુટુંબ સાથે રાજય સરકારના ગેસ્ટ હાઉસમાં બીન ફરજ પરના કર્મચારી અધિકારી સમકક્ષ ગણી રહેવા જમવાની સગવડ છ દિવસ સુધીના સમયગાળા માટે આપવાનું ઠરાવેલ છે. ઓળખપત્ર ખાસ રજૂ કરવું.

મકાન અને માર્ગ વિભાગના ઠરાવ નં. એવીએ / ૧૦૮૩ / સીએમ / ૧૮૯૬(૧), તા. ૧૩-૩-૧૯૯૭

**(૧૫) ઓળખપત્ર રાખવા બાબત :-**

ઓળખપત્ર પેન્શનર / કુટુંબ પેન્શનરે પોતાની પાસે હંમેશા સાથે રાખવું પેન્શનર ટ્રેઝરી ઓફીસરનું અને બીજા પણ સાથે રાખવાં.

**(૧૬) બે પેન્શનરમાં મોંઘવારી ભથ્થું મેળવવા બાબત :-**

પેન્શનર જુદી જુદી બે નોકરીમાં બે પેન્શન મેળવતાં હોય તેમને બંને પેન્શન ઉપર મોંઘવારી ભથ્થું મળે છે. નાણાં વિભાગના તા. ૨૦-૧-૧૯૯૮ ના ઠરાવ તથા કેન્દ્ર સરકારનો સરક્યુલર ૪/૧૨/૧૯૯૭ પેન્શન તા. ૧૬-૬-૧૯૯૯ ની સ્પષ્ટતા મુજબ.

**(૧૭) તાત્કાલિક સારવાર બાબત :-**

પેન્શનરને તાત્કાલિક સારવાર માટે સરકાર માન્ય હોસ્પિટલના બદલે અન્ય ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હોય તો પણ કુલ રીમ્બુર્ઈબર્સમેન્ટ મેળવવા હકકદાર છે.

**(૧૮) લઘુત્તમ પેન્શન બાબત :-**

લઘુત્તમ પેન્શન રૂપિયા ૯૦૦૦ નકી કરેલ છે તેના ઉપર મોંઘવારી ભથ્થું મેડીકલ વગેરે નીયમો મુજબ મળે છે. નાણાં વિભાગ ઠરાવ તા. ૧૩-૪-૨૦૦૯.

**(૧૯) મકાન પેશગી માંડવાળ કરવા બાબત :-**

પેન્શનરના મૃત્યુના કિસ્સામાં મકાન પેશગી મુદ્દલ વ્યાજ સાથે માંડવાળ કરવા બાબત નાણાં વિભાગના ઠરાવ નં. ડીપીપી/૧૦૯૨-૧૪૭૮/૯૬ ઝેટ-૧, તા. ૩-૮-૧૯૯૬ માંડવાળ કરવા ઠરાવેલ છે.

## (૨૦) માતા - પિતાને પેન્શન મળવા બાબત :-

પેન્શનરના મૃત્યુના સંજોગોમાં પતિ / પત્ની બાળકો ન હોય તો પેન્શનર આધારિત હોય તેવા માતા, પિતાને પેન્શન મળવાપાત્ર છે. નાણાં વિભાગના પત્ર નં. એન.વીટી/૨૦૦૧/ડી/૪૯૬/૨/પી, તા. ૧૯-૮-૨૦૦૨.

## (૨૧) પેન્શન પાત્ર નોકરી બાબત :-

ઓછામાં ઓછા પેન્શન પાત્ર નોકરીના વર્ષ ૧૦ વર્ષ ગણાય છે. જી.સી.આર. ૨૦૦૨ પેન્શન. નિયમ-૩૭(૧) મુજબ પેન્શનપાત્ર નોકરીના જરૂરી વર્ષ રોજમદાર કારીગર માટેના ઠરાવ તા. ૧૭-૧૦-૮૮.

## (૨૨) હોસ્પિટલમાં સિનિયર સીટીઝન જુદી લાઈન રાખવા બાબત :-

હોસ્પિટલમાં કેશ કઢાવવા ડોકટરને બતાવવા અને દાવા કરાવવા અલગ લાઈન કરવા સામાજિક ન્યાય અને અધિકારીત કેન્દ્ર સરકારના હુકમો થયેલ છે.

ઈન્કમટેક્ષની મર્યાદા વધુ - વ્યાજદર ૧ ટકા રેલ્વે, હવાઈ મુસાફરી ૫૦ ટકા રાહત વગેરે.

## (૨૩) મા - બાપ અને વરિષ્ઠ નાગરિક બાબત :-

મા - બાપ અને વરિષ્ઠ નાગરિક નિભાવ અને કલ્યાણના કેન્દ્રીય અધિનિયમ, ૫૬, ૨૦૦૭ ના નિયમો અને ટ્રિબ્યુનલો ૨૦૦૯ જાણવા જોગ જુઓ.

## (૨૪) માહિતી અધિકાર બાબત :-

જરૂર પડે માહિતી અધિકાર હેઠળ માહિતી અધિનિયમ, ૨૦૦૫ નિયત નમૂનામાં ફોર્મ ભરી રૂપિયા ૨૦ ના સ્ટેમ્પ લગાવી માહિતી મેળવવાની જોગવાઈ છે.

## (૨૫) પેન્શન જગતમાં પ્રશ્ન પૂછી માહિતી મેળવવા બાબત :-

પેન્શનરના મુજવતા કોઈ પણ પ્રશ્ન હોય તો તે પેન્શન જગતના ગ્રાહકના પ્રશ્ન પૂછી તેનો જવાબ મેળવી પ્રશ્નની ચોખવટ મેળવી શકે. અંકમાં પ્રશ્નનો જવાબ આપવામાં આવે છે. પેન્શન જગતના ગ્રાહકને જ જવાબ આપવામાં આવે છે. જેથી ગ્રાહક નંબર અચુક લખવો.

## (૨૬) નિવૃત્ત થયેલ અધિકારીશ્રી ઓળખ આપી શકે છે :-

નિવૃત્ત થયેલ અધિકારીશ્રી ઓળખ આપી શકે છે. રહેઠાણના પુરાવા સાથે ઓળખ આપવાની જોગવાઈ કરેલ છે. સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૨-૧-૨૦૧૨ ના ઠરાવ નં. યુ.આઈ.ડી. ૧૦૨૦૦૯ યુ.ઓ.આર. ૪૫ - એસ પાર્ટ (ટ) થી જોગવાઈ કરેલ છે.

## (૨૭) પેન્શન ઘટાડવા સ્થાગિત કરવા બાબત :-

રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ તથા નિયમ ભંગની અત્યંત ગંભીર કાર્યવાહી કરે તો પેનશન ઘટાડવા સ્થગિત કરવાનો અધિકાર રાજય કરી શકે છે.

ગુજરાત સરકારના ૨૦૦૨ ના પેન્શન નિયમોના નિયમો-૨૩(૩) મુજબ

## (૨૮) નિવૃત્તિ બાદ પુનઃ લગ્ન કરવા બાબત :-

નિવૃત્તિ બાદ કરેલ પુનઃ લગ્ન રાજય સરકારે માન્ય રાખેલ છે નાણાં ખાતાનાં ઠરાવ નં. ન. વ.તા.

એફ. ૧૩૯૦ - જી.ઓ. - ૧-૩૦ - પી.આઈ., તા. ૧૫-૯-૯૧ આ અંગે મેરેજ રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે જે ખાતામાંથી નિવૃત્ત થયા હોય તે ખાતા મારફતે દરખાસ્ત મંજૂર કરાવી પીપીઓ બુકમાં નામ દાખલ કરાવવું જરૂરી છે.

**(૨૯) ગુજરાત રાજય સેવા તબીબી સારવાર એમ્બ્યુલન્સ સેવા બાબત :-**

ગુજરાત રાજય સેવા તબીબી સારવાર નિયમો ૧૯૯૮ ની મહત્ત્વની ઉપયોગી જોગવાઈ કરવામાં આવી દર્દીને ચાલવાનું અશકય હોય તો હોસ્પિટલ અને હોસ્પિટલ ઘર સુધી બંને તરફ આવતા - જવા માટે એમ્બ્યુલન્સ સેવા તરીકે સ્વીકારેલ છે નિયમ-૨(૭) છ મુજબ.

**(૩૦) પેન્શનરને આવકનું પ્રમાણપત્ર મેળવવા બાબત :-**

નાણાં ખાતાના ઠરાવ - ડીપીપ - ૧૦૯૮ - ૪૯૬૯૬ - ૮-પી, તા. ૨૪-૪-૨૦૦૦ થી તિજોરી અધિકારીરીએ ૩૦ જૂન સુધી મોકલી આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે, ઈન્કમટેક્સ રીટર્ન વગેરે માટે ઉપયોગી છે.

**(૩૧) ૮૦ વર્ષ થી વધુ ઉંમરના પુરાવા માટે પ્રમાણ રજુ કરવા બાબત :-**

૮૦ વર્ષ પૂરા થયાથા પેન્શનર - કુટુંબ પેન્શનરને ૨૦ ટકા, ૩૦ ટકા, ૪૦ ટકા, ૫૦ ટકા પૂરા ૧૦૦ ટકા મેળવવા જિલ્લા તિજોરી અધિકારીશ્રીને ઉંમરના પુરાવા કુટુંબ પેનશનરને રજુ કરજાના થાય છે. અભણ કુટુંબ પેન્શનરે તબીબી પ્રમાણપત્ર માન્ય રાખવા કમિશનર આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (તબીબી સેવાઓ) ગુજરાત રાજયના જા. જ ૬-૧-૮૦ ના પ્રમાણપત્ર ૧૧ તા. ૨૭-૧૨-૨૦૧૧ થી સિવિલ સર્જનની સહી થયેલ પ્રમાણપતર માન્ય રહે છે.

**(૩૨) કેન્દ્ર સરકારના પેન્શનરોની અપરણિત પુત્રીને આજીવન પેન્શન બાબત :-**

કેન્દ્ર સરકાર વિધવા ત્યકતા અપરણિત પુત્રી આજીવન પેન્શન આપવા કેન્દ્ર સરકાર ના ઠરાવ નં. ૧-૧૯-૦૩-પી-એન્ડ - પી.ડબલ્યુ.ડી. - (સી) તા. ૬-૯-૨૦૦૭ થી ઠરાવેલ છે આ અંગે ગુજરાત સરકાર પાસે પેન્શનરોની માંગણી ચાલુ છે.

(૩૩) પેન્શનરે - કુટુંબ પેન્શનરે તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળમાં આજીવન સભ્ય ફી ભરી આપણા હકકોની લડત અને સંગઠનમાં સહભાગી થવું.

(૩૪) રાજય ફેડરેશનનું મુખપત્ર "પેન્શનર જગત" નું નીચેના સરનામે લવાજમ ભરી તેના સભ્ય બની અદ્યતન કાર્યવાહીથી વાકેફ રહેવા વિનતી છે.

**મંડળનું મુખ્ય અને પેન્શનર જગત કાર્યાલય :-**

**ગુજરાત સ્ટેટ પેન્શનર્સ ફેડરેશન,**

જી/૧-૨, "પોલોવ્યુ", પોલો ગ્રાઉન્ડ સામે, વડોદરા-૧, ફોન : (૦૨૬૫) ૨૪૧૮૪૭, મો. ૯૦૯૯૯૪૬૨૯૪

**શાખા કાર્યાલય : ગુજરાત સ્ટેટ પેન્શનર્સ ફેડરેશન :-**

૩૦૪, સ્વસ્તિક કોમ્પલેક્ષ, એસ-૧, બીજે માળ, ૧૭/૨૨, ના બસ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨, ગાંધીનગર પીન-૩૮૨૦૨૨૨, ફોન : (૦૭૯) ૨૩૨૪૬૮૬૫

## ઓળખપત્ર બાબત

નાણાં વિભાગે પેન્શનરોને ઓળખપત્ર અંગે પત્ર ક્રમાંક : પરચ/૫૬૯૧/પી-૨/તા. ૧૫-૯-૯૨ થી નિર્ણય કરેલ છે.

પેન્શનર્સ ફેડરેશન તથા મંડળો મારફત આવા ઓળખપત્રો અપાય છે. ઓળખપત્રો ઉપર સંબંધિત તિજોરી પેટા તિજોરીના સહી સિક્કાથી અધિકૃત કરી આપવામાં આવે છે. ઓળખપત્ર ધરાવતા પેન્શનરને ઘણી બધી સવલત મળતી હોય છે.

નિવૃત્તિ સમયે સરકારી રેકર્ડમાં ચાલતા નામ પ્રમાણે જ બેંકમાં ખાતુ ખોલાવવું.

હવે ઈ-પેમેન્ટ પ્રથા અમલમાં હોવાથી નામમાં ફેરફારથી પેન્શન જમા થવામાં મુશ્કેલી પડે છે આથી બેંક ખાતામાં સરકારી રેકર્ડમાં દર્શાવ્યા મુજબના જ આખા નામ, અટક સાથે ખાતું ખોલાવવું તે પ્રમાણે આધાર કાર્ડ અને પાનકાર્ડ પણ મેચ થાય તે પ્રમાણે કઢાવવા.

### (૩) કુટુંબ પેન્શન મેળવવા શું કાર્યવાહી કરવી :-

પેન્શનરના અવસાન પ્રસંગે - વારસદારે તિજોરી અધિકારીશ્રીને સાદા કાગળનાં પી.પી.ઓ. નંબર મરણના દાખલા સાથે અરજી કરવાની હોય છે. નિયુક્ત પત્રમાં જણાવેલ નિયુક્ત અવસાન તારીખ એક વર્ષમાં અરજી કરે અને રૂ. ૩૦,૦૦૦/- સુધીની બાકીના પેન્શનની રકમ મામલતદારશ્રીના સર્ટિફિકેટના આધારે મળવાપાત્ર બને છે. ૧ લાખ સુધીની રકમ કલેકટરરી અને ત્યાર પછી વધુ રકમ માટે ડી. મેજીસ્ટ્રેટશ્રીને પાવર હોય છે.

### (૪) ઉત્તરક્રિયાનાં નાણાં મેળવવા શું કાર્યવાહી કરવી ? :-

પેન્શનરના અવસાન પ્રસંગે પેન્શનરે નિયુક્ત કરેલ વારસદારને એક માસના પેન્શન વત્તા મોંઘવારીની રકમ ઉત્તરક્રિયાના ખર્ચ તરીકે ચૂકવવામાં આવે છે. આ અંગે પેન્શનરે તેમની હયાતી દરમ્યાન તિજોરી અધિકારીશ્રીને નમૂના-૧૧ અને ૧૨ ના ફોર્મ ભરી આપવાના રહે છે. જેથી પેન્શનરના મરણ પછી આવા હકકદાવા મેળવવામાં નિયુક્તાને મુશ્કેલી પડે નહિ. આ લાભ કુટુંબ પેન્શન મેળવતા પેન્શનરને લાગુ પડશે નહિં.

### પેન્શન ટ્રાન્સફર કરવા બાબત :-

એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં અથવા એક તાલુકામાંથી બીજા તાલુકામાં પેન્શન ટ્રાન્સફર કરવા તિજોરી અધિકારીશ્રીને અરજી કરવાની હોય છે. નમુના-૧૪ મુંજબ કરવાથી ટ્રેઝરી ઓફીસર તબદીલી કરી શકે છે.

એક રાજયમાંથી બીજા રાજયમાં પેન્શન ટ્રાન્સફર કરવા આવી જ કાર્યવાહી કરવાની હોય છે. પેન્શન પ્રો. કચેરી દ્વારા એ.જી. ઓફીસેથી તબદીલીથી કાર્યવાહી કરવાની રહે છે.

### વિકલાંગ પુત્ર - પુત્રીને કુટુંબ પેન્શન :-

(૧) શારીરિક રીતે પુત્ર - પુત્રીને જીવન પર્યંત કુટુંબ પેન્શન મળે છે. નાણા વિભાગના ઠરાવ નં. નવત/૧૩૮૭/જી.ઓ.આઈ.૧૨/પી.જે./તા. ૬-૬-૮૯, પેન્શનરે હયાતીમાં અરજી કરી લાભાર્થીનું નામ પી.પી.ઓ.માં લખાવવું.

બે પત્નીના કિસ્સામાં કુટુંબ પેન્શન :-

(૨) કુટુંબ પેન્શનની રકમ બે પત્નીના કિસ્સામાં એકના અવસાન પછી પેન્શન બંધ થવાને બદલે બીજી પત્નીને કુટુંબ પેન્શનની પહેલી પત્નીને મળતી રકમ પ્રમાણે ચુકવાશે. નાણા ખાતાના ઠરાવ નં. નવત/૧૦૯૧/જી.ઓ.આઈ.એફ.એફ./એમ-૧-૩-૯૨

(૩) નિવૃતિ બાદ લગ્નથી પ્રાપ્ત સંતાનોને કુટુંબ પેન્શન મળવાપાત્ર થાય છે. સરકારી ઠરાવ તા. ૧૮-૩-૯૭ થી તા. ૧-૧-૨૦૦૬ ધારણ કરેલ હોદ્દાના મિનિમમ પગાર બેન્ક + ગ્રેજ પે ના ૫૦ ટકા પેન્શન તથા ૩૦ ટકા મુજબ કું. પેન્શન મળે તેવી જોગવાઈ કરેલ છે.

(પાટણ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના સૈજન્યથી)

**રાજકોટ જિલ્લા પેન્શનર અને સીનીયર સીટીઝન્સ સમાજ - રાજકોટ**

**(ગુજરાત પેન્શનર સમાજ તથા ભારત પેન્શનર સમાજ ન્યુ દિલ્હી સાથે સંલગ્ન)**

**રજીસ્ટ્રેશન નંબર : ગુજરાત/૫૩૩/રાજકોટ.**

**ભાવનગરનો ઉતારો, નશાબંધી કચેરી નીચે, ટેબર ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૩૬૬૬૨**

નંબર : ૯૬૧/૭૯

તા. ૬-૧-૨૦૧૯

## સામાન્ય સભા તા. ૫-૧-૧૯ ની કાર્યવાહીની નોંધ

તા. ૫-૧-૨૦૧૯ ના રોજ સવરે ૧૦-૩૦ કલાકે શ્રી કાઠિયાવાડ ભાટીયા બોર્ડીંગ રેલ્વે જંકશન સામે, કોરમ પુરૂ થતાં શ્રી એમ. એ. પંજાના પ્રમુખ સ્થાને મુખ્ય મહેમાન માનનીય શ્રી ગોવિંદભાઈ પટેલ, ધારાસભ્યશ્રી,રાજકોટ અને અતિથી વિશેષ તરીકે શ્રી શિવકુમાર જોષી, પ્રમુખ ગુજરાત પેન્શનર સમાજની હાજરીમાં મળેલ જેમાં આશરે ૧૧૦૦ જેવા પેન્શનર ભાઈઓ-બહેનો હાજર રહેલ હતાં.

સૌ પ્રથમ શ્રી સી. એમ. ઠાકર, સંગઠન મંત્રીશ્રીએ સભાનું સંચાલન તેઓની શિક્ષણ ભાષામાં આચાર્યશ્રીને અનુરૂપ સંચાલન શરૂ કર્યુ.

પ્રથમ દિપ પ્રાગટય મા. ગોવિંદભાઈ પટેલ સાહેબ, જોશી સાહેબ, પ્રમુખશ્રી પંજા, ઉપપ્રમુખશ્રી ધકાણ, મહામંત્રીશ્રી વી. ડી. સોનીગરા, સહમંત્રી - ખજાનચીશ્રી એમ. પી. મહેતા, સંગઠન મંત્રીશ્રી સી. એમ. ઠાકર ઉપસ્થિત મહાનુભાવોએ કરી - સંસ્કૃત શ્લોકથી સભાની શરૂઆત કરવામાં આવી.

શ્રી ઠાકર સાહેબે ડોનેશન માટે અપીલ કરી અને જીલ્લાના કારોબારી સભ્યોએ ૧૦૦૦ નું ડોનેશન આપવા નિર્ણય કર્યો. પત્રક-૧ માં આવેલ ડોનેશન સામેલ છે. દિવાંગતોએ શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી.

શ્રી મહેતા સહમંત્રી- ખજાનચીશ્રીએ ઉપસ્થિત મહેમાનોને પેન્શનર ભાઈઓ - બહેનોને આપશ્રી હાજર રહેવા બદલ સમાજવતી આભાર માનવામાં આવે છે.

મહામંત્રીશ્રી વી.ડી. સોનીગરાએ મહેમાનોનું સ્વાગત કરી આવકાર્યા.

મા. ગોવિંદભાઈ પટેલ, ધારાસભ્યશ્રીનું હાર અને શાલ ઓઢાડી શ્રી પંજા પ્રમુખશ્રીએ સન્માન કર્યુ.

શ્રી જોશી સાહેબ, પ્રમુખશ્રી ગુજરાત પેન્શનર સમાજને શાલ ઓઢાડી અને હાર પહેરાવી સાથે શ્રી એમ.પી. મહેતાએ સન્માન કર્યું. ગજજર સાહેબનું પણ સન્માન કરવામાં આવ્યું.

શ્રી ડી.આર. ચાવ અને રમાકાન્તભાઈ નિમાવત, પ્રમુખી જસદણ અને કોટડા નવા વરાયેલ છે. તેનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.